# ગોલ્ડીએ પોતે અનુભવેલી તકલીફને કારણે બનાવી ફિલ્મ 'કાલા બાજાર'




ફિલ્મ જગતમાં એવરગ્રીન તરીકે જાણીતા દેવઆનંદની ફિલ્મોના લોકો આજે પણ એટલા જ દિવાના છે, જેટલા પહેવા હતા. તેમણે ઘણી ફિલ્મોમાં કામ કર્યું અને ઘણી ફિલ્મો પ્રોડ્યુસ પણ કરી છે. તે ફિલ્મોથી તેઓ આજે પણ લોકોના દિલોમાં રાજ કરે છે. આજે આપણે એવરગ્રીન દેવઆનંદની 1960માં આવેલી ફિલ્મ 'કાલા બાજાર' ફિલ્મ બનવા પાછળના મજેદાર કિસ્સાઓ વિશે જાણીશું.

ડાયરેક્ટર તરીકે વિજય આનંદની આ બીજી જ ફિલ્મ હતી. વિજય આનંદે આ ફિલ્મમાં સ્ટોરી, સ્કિન પ્લે, ડાયલોગ અને ડાયરેકશન આપેલું. ગીતકાર શૈલેન્દ્ર, સંગીતકાર S.D બર્મન અને પ્રોડ્યુસર દેવ આનંદ હતા. દેવ આનંદની સૌથી વિશેષ વાત એ હતી કે દેવસાહેબ રુટિન ફિલ્મોથી અલગ ફિલ્મો પ્રોડ્યુસ કરવા માટે હિમંત રાખતા અને શોખ હતો એટલે જ 'કાલા બાજાર' ફિલ્મ તેના સમયથી બહુ આગળ હતી.

વિજય આનંદે જ્યારે દેવ આનંદને સ્ટોરી સંભળાવી ત્યારે ખુશ થઈ ફિલ્મ બનાવવા માટે સહમત થયા.

વિજય આનંદ એટલે કે ગોલ્ડી જ્યારે કોલેજમાં ભણતા હતા ત્યારે તે ફિલ્મો જોવાનો ખૂબ શોખ હતો. ત્યારે પણ ઘણી વાર ટિકીટ જ નહોતી મળતી અને મજબૂરીમાં ફિલ્મોની ટિકીટ બ્લેકમાં લેવી પડતી હતી.

તમને જણાવી દઈએ કે અત્યારે જે ઓનલાઈન ટિકિટનું બુકિંગ એપ અને વેબ સાઈટ કરીએ છીએ તેવું પહેલા ન હતું અને અત્યારે આ એપ અને વેબસાઈટ પર ટિકીટ બુકિંગ કરીએ તો થોડા પૈસા વધુ ચૂકવવા પડે છે. તે જમાનામાં ફિલ્મો થિયેટરમાં આવે અને ટિકિટો ટિકિટ બારી પાસે ઊભા ટિકિટો બ્લેક કરતા લોકો ઊભા હોય અને વધુ પૈસા ચૂકવીને લોકો ટિકિટ ખરીદતા હતા. એક રૂપિયાની ટિકિટ બે કે ત્રણ રૂપિયા સુધી પહોચીં જતી.

ડાયરેકટર વિજય આનંદે પોતે અનુભવેલી તકલીફને લઈને નક્કી કર્યું કે આ કાલા બાજારી પર એક દિવસ જરૂર ફિલ્મ બનાવીશ.

વિજય આનંદે ત્યારે જ એક એવા વ્યક્તિને જોયો હતો જેની ફિલ્મ પ્રોડ્યુસરો વચ્ચે ચર્ચા થતી હતી. એ ફિલ્મ જગત માટે ખૂબ જ મહત્ત્વ ધરાવતો હતો.



ડાયરેક્ટર્સ કટ

ફિલ્મને હિટ ડિક્લેર કરવી છે કે ફ્લોપ તેવા પ્રકારની હેરા ફેરી થતી આવી છે. તે આવા જ માણસોની મદદથી થતું હતું. ઘણીવાર ફિલ્મ પ્રોડ્યુસર આવા માણસોની મદદ પણ લેતા હતા. આ મદદ માટે પ્રોડ્યુસરોને મોટી રકમ પણ ચૂકવવી પડતી હતી. થતું એવું હતું કે ફિલ્મ રિલીઝ થતા જ હેરા ફેરી કરવાવાળા માણસો પોતાના માણસોને મોકલીને સિનેમા થિયેટર જઈને લગભગ થિયેટરની 70 ટકા ટિકિટો ખરીદી લેતા હતા અને તે થિયેટરમાં બધા તેના માણસો બેસી જતા. તેઓને પહેલે જ બધુ સમજાવી દેવામાં આવતું કે કયા સિનમાં સિટી મારવી, કયા સિનમાં ટાળીઓ પાડવી વગેરે વગેરે... આ ફિલ્મને હિટ કરવા માટે હતું


**ફિલ્મને હિટ ડિક્લેયર કરવી છે કે ફ્લોપ ડિક્લેયર કરવી તેવા પ્રકારની હેરા ફેરી થતી આવી છે. તે આવા જ માણસોની મદદથી થતું હતું. ઘણીવાર ફિલ્મ પ્રોડ્યુસર આવા માણસોની મદદ પણ લેતા હતા. આ મદદ માટે પ્રોડ્યુસરોને મોટી રકમ પણ ચૂકવવી પડતી હતી**

ઘણા કિસ્સા એવા પણ છે કે એક પ્રોડ્યુસરને બીજા પ્રોડયુસરને બર્બાદ કરવા પણ આવું કરતા હોઈ છે. ફિલ્મને જાણીજોઈને ષડયંત્રથી ફ્લોપ કરાવવા માટે તો હેરાફેરી કરવાવાળો માણસ જ કામ આવતો, થતું એવું હતું કે ફિલ્મ રિલિઝ વખતે જ આ હેરાફેરીવાળા માણસે પહેલેથી જ તેના માણસોને થિયેટરમાં ફિલ્મ જોવા સામાન્ય લોકો સાથે બેસાડ્યા દે અને લોકોનું ધ્યાન ફિલ્મ જોવામાં ન રહે તેના માટે અંદરો-અંદર લડાઈ કરતા કે શરૂ ફિલ્મ હોઈ તો પણ અધવચ્ચે થિયેટરની બહાર નિકળી જતા અને બોલતા જતા કે કેવી બકવાસ ફિલ્મ બનાવી. ઝગડો કરીને થિયેટરનો માહોલ ખરાબ કરી દેતા, જેથી લોકોને એવું થતું કે ખરેખર ફિલ્મ બેકાર છે અને તે ફિલ્મને જોવા વધુ લોકો જતા નહીં અને ફિલ્મના ઓછા રિસ્પોન્સને લીધે ફલોપ જાહેર કરી દેવાતી. તેના કારણે ઘણી વાર નવા પ્રોડ્યુસરો કે ભલો પ્રોડયુસર જે સારી ફિલ્મો બનાવવા માટે મહેનત કરી હોય, રીલિઝ સુધી પહોચવામાં પોતાનું ઘર-બાર વેંચી ને પણ ફિલ્મ રિલિઝ કરવા જતો હોઈ તો તે ષડયંત્રનો ભોગ બનતો હોય. આવી ઘણી સારી પણ ષડયંત્રની ભોગ બનવાવાળી ઘણી ફિલ્મોને આપણે ફલોપ સમજી તે ખરેખર ફલોપ હતી જ નહી પણ જ્યારે વિજય આનંદે કાલા બજારની સ્ટોરી લખવાનું શરૂ કર્યું તો હીરો તો પહેલેથી જ નક્કી હતો દેવ આનંદ! હિરોઈન વરીદા રહેમાન, હિરોની બહેન માટે નંદાને કાસ્ટ કરવામા આવી અને ફિલ્મ બની અને તે ફિલ્મમાં કાલા બાજારી એક સ્ટોરી નહીં પણ એક હકીકત કે પછી કહો કે હિન્દી ફિલ્મો પાછળની ડાર્ક સાઈડ જોવા મળી! ●

# લેખ ટંડનના નસીબમાં ક્યારેય લાઈમ લાઈટ આવી જ નહીં!

હિન્દી ફિલ્મ જગતમાં લાઈટ અને ફેમ પાછળ જ બધા ભાગતા હોય. કોઈ પ્રયત્ન કરે ચર્ચામાં રહેવાનો તો કોઈ કાંડ કરી ચર્ચામાં આવે. ઘણી વાર એવા પણ લોકો આ ફિલ્મ જગતમાં હોય જે હંમેશા પડદા પાછળ જ કામ કરે. તેવા જ એક ડાયરેક્ટર વિશે આજે આપણે જાણીશું.

આવતી કાલે એટલે કે 13 ફેબ્રુઆરીએ લેખ ટંડનનો જન્મ દિવસ છે. લેખ ટંડન એક પ્રખ્યાત ભારતીય ફિલ્મ દિગ્દર્શક, પટકથા લેખક, અભિનેતા અને ટેલિવિઝન ફિલ્મ નિર્માતા હતા જેમની કારકિર્દી છ દાયકાથી વધુ લાંબી રહી. લેખ ટંડને શમ્મી કપૂર અને રાજેન્દ્ર કુમારથી લઈને રાજેશ ખન્ના અને શાહરૂખ ખાન સુધીના મોટા સ્ટાર્સ સાથે કામ કર્યું, છતાં કોઈ સ્ટારે તેનું નામ ડિરેક્ટર તરીકે લીધું નથી અને નસીબે ક્યારેય તેમનો સાથ આપ્યો જ નહીં, તેમ છતાં લેખ ટંડને અથાક ઉત્સાહ અને અતૂટ નમ્રતા સાથે કામ કરતા રહ્યાં. થોડા સમયની ખ્યાતિ મળ્યા સિવાય બીજું કશું ન મળ્યું.



ટંડન તેમના સ્ટાર્સને જગ્યા આપવામાં કોઈ વાંધો નહોતો, કારણ કે તેમણે જે ફિલ્મોનું નિર્દેશન કર્યું હતું તે જ બેનર હેઠળ તેઓનું નિર્માણ થયું હતું. વાસ્તવમાં, ટંડન એવા નમ્ર સ્વભાવના હતા કે જ્યારે કોઈ તેમને બોલાવે ત્યારે તેઓ ફક્ત તેમના સમકાલીન જેમ કે રાજ કપૂર અને શમ્મી કપૂર વિશે જ વાત કરતા અને પોતાના વિશે એક શબ્દ પણ બોલતા ન હતા. તેઓ રાજ કપૂરને ઘણી રીતે તેમના માર્ગદર્શક માનતા હતા અને શમ્મી કપૂર, 1960ના દાયકાના સૌથી લોકપ્રિય હીરોમાંના એક હતા, તેમણે ટંડન સાથે 'પ્રોફેસર' અને 'પ્રિન્સ' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.

**અન્યને લાઈમલાઈટ મેળવવા દો. તે એક મહેનતુ મજૂર જેવો હતો જે પોતાનું કામ કરતો, મજૂરી લેતો અને બીજા દિવસની ચિંતા કરતા અને આગળની ફિલ્મની તૈયારીમાં બીઝી થઇ જતા**

કિસ્સે કહાની

પરંતુ લેખ ટંડને ક્યારેય કોઈને યાદ અપાવતા નથી કે સિનેમા મૂળભૂત રીતે દિગ્દર્શકનું એક માધ્યમ છે જ્યાં કલાકારો દિગ્દર્શકની કલ્પનાને જીવંત કરે છે. તેણે હંમેશા પડદા પાછળ રહેવાનું પસંદ કર્યું, અન્યને લાઈમલાઈટ મેળવવા દો. તે એક મહેનતુ મજૂર જેવો હતો જે પોતાનું કામ કરતો, મજૂરી લેતો અને બીજા દિવસની ચિંતા કરતા અને આગળની ફિલ્મની તૈયારીમાં બીઝી થઈ જતા.

અનામીમાં ભળી જવાની આ ક્ષમતા ખાસ કરીને ટંડનની સમગ્ર કેરિયરને ધ્યાનમાં રાખીને પ્રશંસનીય છે. શમ્મી કપૂર સાથેની હિટ ફિલ્મો ઉપરાંત, તેમણે આમ્રપાલી (1966) આપી, જે ઓસ્કાર માટે ભારતીય એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી હતી. વધુ નર્સિસ્ટિક વ્યક્તિ ખ્યાતિ માટે ઝંખતી હશે, પરંતુ ટંડન એવું નહોતું. તેણે ફિલ્મના મુખ્ય કલાકારો વૈજયંતિમાલા અને સુનીલ દત્તને ચર્ચાનો વિષય બનવા દીધાં અને જેમ જેમ મીડિયા ફિલ્મના સ્ટાર્સ, મ્યુઝિક અને ડાન્સ સિક્વન્સ વિશે વાત કરતું રહ્યું, ત્યારે એવું લાગી રહ્યું હતું કે જાણે ડિરેક્ટર લગભગ સાઈડલાઈન થઈ ગયા હતા. ટંડન અનામી રહીને ખુશ હતો.

એક દાયકા કરતાં વધુ સમય પછી, ટંડને સાબિત કર્યું કે તે સ્ટાર-ઓબ્સેસ્ડ ફિલ્મ નિર્માતા નથી. તેમણે શમ્મી કપૂર, સુનીલ દત્ત અને શશિ કપૂર જેવા પ્રભાવશાળી સ્ટાર્સ સાથે 'પ્રોફેસર એન્ડ પ્રિન્સ', 'આમ્રપાલી' અને 'જહાં પ્યાર મિલે' જેવી ફિલ્મો આપી, જેણે બોક્સ ઓફિસ પર જંગી કલેક્શનની ખાતરી આપી. જો કે, 1970 ના દાયકાના અંત ભાગમાં, ટંડને રાજશ્રીની ફિલ્મ 'દુલ્હન વહી જો પિયા મન ભાયે' માટે નવી પ્રતિભાઓને તક આપી. અભિનેત્રી રામેશ્વરી માટે આ ફિલ્મ ઈતિહાસ સર્જનારી સાબિત થઈ.

રાજશ્રી એવોર્ડ્સ હેઠળ દેખાડવામાં આવેલી મોટાભાગની ફિલ્મોની જેમ, આ ફિલ્મ પણ મર્યાદિત નકલોમાં રજૂ કરવામાં આવી હતી - એક શહેરમાં બે નકલોથી વધુ નહીં - અને તેનું પ્રમોશન ખૂબ મર્યાદિત હતું. ધીમી શરૂઆત પછી, ફિલ્મે વેગ પકડ્યો અને તેની સુવર્ણ જયંતિ પૂર્ણ કરી, નવી દિલ્હીમાં ચાણક્ય જેવા ભવ્ય સિનેમાથી લઈને દક્ષિણ દિલ્હીના ચંદ્રલોક જેવા પરવડે તેવા થિયેટરો સુધી, જ્યાં ટિકિટની કિંમત માત્ર 50 પૈસા હતી. જ્યારે ઉચ્ચ કક્ષાની ફિલ્મ ચાણક્યએ પ્રેક્ષકોને ઘોંઘાટથી દૂર રાખ્યા અને તેમને શાંતિ અને શાંતિથી ફિલ્મનો આનંદ માણવા દીધો, ત્યારે ચંદ્રલોક સામાન્ય લોકોની પ્રિય ફિલ્મ બની. જ્યારે આ ફિલ્મનું લોકપ્રિય ગીત 'લે તો આયે હો' વાગ્યું, ત્યારે લોકો ઘણીવાર પ્રોજેક્ટર રૂમ તરફ બૂમો પાડતા, 'ભૈયા, વન્સ મોર, વન્સ મોર'. કોઈ પણ મોટા દાવા કર્યા વિના અથવા લાંબા ઈન્ટરવ્યૂ કર્યા વિના, ટંડને સેલિબ્રેટી ક્લાસ અને કોમન મેન વચ્ચેનું અંતર ઓછું કર્યું. ●




# એક દિવસમાં ફિલ્મ બની અને 50 કરોડ કમાણી!

બોલિવૂડ ઈન્ડ્સ્ટ્રી જ એક એવું પ્લેટફોર્મ છે જે કોઈને રાતો-રાત સ્ટાર તો કોઈને રાતો-રાત કરોડપતિ અને ક્યારેક કરોડપતિને પણ રોડ પર લાવી મુકે છે! બોલિવૂડમાં તો કેટલીય એવી ફિલ્મો બનાવવાની કોશિશ થયેલી જે ક્યારેય રિલિઝ જ ના થઈ, પણ તેને બનાવવાવાળા ફિલ્મ મેકર્સ પોતાની બધી જ ધન-દોલત ખોઈ બેઠા!

ફિલ્મ ફેક્ટ્સ

પણ આજે આપણે એક એવી ફિલ્મ વિશે જાણીશું જે ફિલ્મ બોલિવૂડની નહીં પણ સાઉથની તમિલ ફિલ્મ 'સ્વયંવરમ્' વિશે જાણીએ.

'સ્વયંવરમ્' ફિલ્મને પ્રોડ્યુસ અને કો-રાઈટ કરી હતી ગિરધારીલાલ નાગપાલે. ફિલ્મ બનાવવાનો હેતુ હતો આ ફિલ્મ રેકોર્ડ બ્રેકિંગ ઈવેન્ટ બનાવવાનો. આ ફિલ્મનું બજેટ 25 કરોડ! અને આ ફિલ્મમાં 14 ડાયરેક્ટરો, 19 સિનેમેટોગ્રાફર્સ અને 30 એક્ટરો. મતલબ કે કમલ હાસનથી લઈ પ્રભુ દેવા સુધી, લગભગ આખી તમિલ ફિલ્મ ઈન્ડ્સ્ટ્રી આ ફિલ્મનો ભાગ રહી.

ફિલ્મની સ્ટોરી પણ સિમ્પલ હતી, અ સ્ટોરી ઓફ સિબલિંગ્સની જે પિતાની અંતિમ ઈચ્છા કરવા માગે છે.

આ ફિલ્મ બની માત્ર એક દિવસમાં. અહીં બનીનો અર્થ શૂટિંગ, એડિટ, રિલીઝ બધું જ 24 કલાકમાં! આ અસંભવ લાગતો ટાસ્ક હતો. ફિલ્મનું શૂટિંગ શરૂ થાય છે 5 એપ્રિલ 1999 સવારે 7 વાગે અને હેરાન કરવાવાળી વાત તો એ છે કે 14 ડાયરેક્ટરો અલગ અગલ 20 લોકોશન પર લગાતાર શૂટિંગ કરતા હતા અને સાથોસાથ લોકોશન પર જ ફિલ્મ એડિટ પણ ચાલતું હતું. બધાએ મળીને 24 કલાક પુરા થવામાં માત્ર 2 મિનીટ પહેલા આ અસંભવ ટાસ્કને પૂરો કર્યો.

ફિલ્મને થોડા જ સમયમાં રિલીઝ પણ કરી દેવામાં આવી અને ફિલ્મ બોક્સઓફિસ પર સકસેસફુલ રહી. 'સ્વયંવરમ્' ફિલ્મે 50 કરોડ રૂપિયાની કમાણી કરી! મોરલ ઓફ જ સ્ટોરી એ હતી કે ટીમ વર્કથી કાર્ય કરીએ તો શું ન થઈ શકે! ●

# જ્યારે ડેવિડે ગીત માટે સમીરને ચેલેન્જ આપી હતી!

ફિલ્મ જગત ગીતો વગર અધુરું છે, ફિલ્મ રોમેન્ટિક ડ્રામા હોય, ક્રાઈમ-થ્રિલર હોય કે એક્શન થ્રિલર હોય, દરેક સ્ટોરી માટે હિન્દી સિનેમામાં ગીતો મૌજૂદ છે. ત્યારે ઘણા એવા સદાબહાર ગીતો બનવા પાછળના કિસ્સાઓ પણ જાણીતા છે. ઘણા કિસ્સાઓ મજેદાર તો ક્યારેક ઘણા કિસ્સાઓમાં ગીત પાછળની મજબૂરી અને ક્યારેક તો દુઃખદ ઘટના એમ કોઈને કોઈ કિસ્સાઓ હોય જ છે. આજે આપણે તેવા જ ગીત વિશે જાણીશું જેમાં ગીતકાર અને ફિલ્મ મેકર્સ વચ્ચે લાંબાસમય સુધી ચર્ચાઓ-વિચારો બાદ અંતે ફિલ્મ મેકર અનુસાર જ ગીત લખાયું.

'હીરો નંબર-1' ફિલ્મ 1997માં આવી ફિલ્મના ડાયરેક્ટર ડેવિડ ધવન, મ્યૂઝિક ડાયરેક્ટર આનંદ-મિલંદ, લિરિસ્ટ રાઈટર સમીર અનજાન, સિંગરોમાં કુમાર સાનુ અને અલ્કા યાજ્ઞિક હતા તો ફિલ્મમાં હીરો-હીરોઈન ગોવિંદા-કરિશ્માની જોડી જોવા મળી છે.

ડેવિડ ધવનને ફિલ્મ માટે કેટલાક ગીતોની જરૂર હતી તેથી તે ગીતકાર સમીર અનજાનને મળે છે. સમીર પણ ગીત લખવા હા પાડી દે છે પણ ફિલ્મની સ્ટોરી શું છે? તે સમીરને ખબર હોતી નથી. કેટલાય દિવસો વિત્યા પછી જ્યારે ડેવિડ સમીર પાસે જાય છે અને કહે કે ગીત લખ્યા તો સમીર ચૂપ રહે છે. ગીતને કારણે મારી ફિલ્મ અટકેલી છે, પણ સમીર કહે આ ફિલ્મમાં હીરોઈનનો બાપ જ નથી તો ફિલ્મમાં આ ગીત કઈ રીતે ચાલે? ડેવિડે કહ્યું કે ચાલે ચાલે કોઈને કાઈ ખબર નહીં પડે!



મ્યૂઝિકલ મોમેન્ટ

આ ચૂપ્પીને દુર કરવા માટે ડેવિડ ગીત માટે જે ફી નક્કી કરી હતી તે વધારી દે છે અને કહે છે કે જો પૈસા ઓછા પડતા હતો તો પહેલા કહી દેવાય પણ મારી ફિલ્મના ગીત લખવાનું બંધ ના કરી દેવાય! ફિલ્મની આખી સ્ટોરી કહે છે ત્યારે

**ડેવિડ ધવનને ફિલ્મ માટે કેટલાક ગીતોની જરૂર હતી તેથી તે ગીતકાર સમીર અનજાનને મળે છે. સમીર પણ ગીત લખવા હા પાડી દે છે પણ ફિલ્મની સ્ટોરી શું છે? તે સમીરને ખબર હોતી નથી**

સમીર હસીને એક ડાયરી હાથમાં ઉપાડે છે અને કહે છે કે માત્ર એક ગીત લખેલું છે જે આ ફિલ્મની માટે નથી. ડેવિડ તો કહે ગમે તે ગીત હોય આપ, અને સમીરે આ ગીત આપ્યું. આ ગીત 90ના દાયકાનું સદાબહાર હિટ છે. ગીત હતું

**''મેં તુજકો ભગા લાયા હૂં, તેરે ઘર સે તેરે બાપ સે ડર સે''**